## ઉમરગામમાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ઉમરગામઃ ઉમરગામ જીઆઇડીસી અપારા કંપનીની સામે જાહેર રોડ ઉપર એક શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં આંક ફરકના આંકડા લખી વરલી મટકાનો જુગાર રમી રમાડી રહ્યો હોવાની બાતમીના આધારે ઉમરગામ પોલીસે રેડ કરી વિપુલ ભંડારી (રહે., દેહરી, ઉમરગામ)ની અટક કરી હતી. અંગઝડતીમાં મળી આવેલા રોકડા રૂપિયા 1200 તથા એક મોબાઈલ ફોન રૂપિયા 5000 મળી કુલ રૂપિયા 6,200 નો મુદ્દામાલ કબજે કરાયા હતા.

## સાપુતારાના પ્રોહિ. ગુનામાં 5 વર્ષથી ફરાર આરોપી મૃત જાહેર

સાપુતારાઃ સાપુતારા પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૧ના પ્રોહિબિશનના ગુનાનો આરોપી રોહિત ઉર્ફે પવન મોહનલાલ સેન હાલમાં તેના વતન રાજસ્થાન ખાતે છે. બાતમીના આધારે ડાંગ પોલીસની ટીમ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના ગામ ગુડા ખાતે પહોંચી હતી .ત્યાં આરોપીના રહેઠાણની આસપાસ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે,આરોપીનું બે મહિના પહેલા જ અવસાન થયું છે. ડાંગ LCB દ્વારા આરોપીનું મરણ પ્રમાણપત્ર અને કેસના કાગળો મેળવી લેવામાં આવ્યા છે.

## દમણથી સુરત મોપેડ પર દારૂ વેચવા જતો શખ્સ ઝડપાયો

બીલીમોરાઃ ગણદેવી પોલીસે બાતમીના આધારે સુગર ફેક્ટરી પાસેથી મોપેડસવાર બીલીમોરા નજીકના બીગરી ટટી ફળિયામાં રહેતા મૃગેશકુમાર કાંતુભાઈ પટેલને ઝડપી પાડ્યો હતો. મોપેડમાંથી 12 હજારની કિંમતના દારૂ સાથે પોલીસે કુલ 42 હજારની મતા કબજે કરી હતી. પૂછપરછ દરમિયાન દારૂના પાઉચ તે દમણથી ખરીદીને સુરત સચિન રેલવે સ્ટેશન છૂટક ફેરિયાઓને આપવા માટે જઈ રહ્યો હોવાની કબૂલાત કરી હતી.


## ધરમપુરમાં વરલી મટકાના જુગારમાં એક ઝડપાયો

ધરમપુરઃ ધરમપુર પોલીસે ભેંસધરા ગામના ભૈરવી ફળિયા, લાવરી નદીના પુલ નીચે દરોડો પાડ્યા હતા. જેમાં જુગાર રમતા અને રમાડી રહેલા નિલેશભાઈ સુરેશભાઈ ગાયકવાડ (ઉં.વ.૩૨, રહે., ભવાડા, તા. ધરમપુર)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી વરલી મટકાના આંક લખેલી ૬ કાગળની કાપલીઓ તથા અંગઝડતી દરમિયાન કુલ રૂ. 5080ની રોકડ જપ્ત કરી હતી.

## નવસારીમાં તાપમાનમાં ઘટાડો, ભેજ યથાવત

નવસારીઃ NAU) દ્વારા જાહેર થયેલા હવામાન આંકડાઓ મુજબ 20 માર્ચે મહત્તમ તાપમાન ઘટીને 32.0°C અને લઘુત્તમ 17.5°C નોંધાયું છે, જે ગરમીમાં થોડી રાહત દર્શાવે છે. ભેજના પ્રમાણમાં સવારે 90 ટકા કરતાં વધુ નોંધાતા ઉકળાટનો અનુભવ યથાવત રહ્યો છે, જ્યારે સાંજે ભેજ ઘટીને 38થી 45 ટકા વચ્ચે નોંધાયો છે. પવનની ગતિ 2.7 કિમી પ્રતિ કલાકથી વધીને 5.0 કિમી પ્રતિ કલાક થઈ છે. દક્ષિણ-પશ્ચિમ દિશામાં પવન વહેતા ઠંડક પ્રસરી હતી.

# ઈંટના ભઠ્ઠાના શ્રમિકોની ઓરડીમાં વિદ્યાર્થીઓનું ભવિષ્ય



**‘પઢેગા ઈન્ડિયા, તો બઢેગા ઈન્ડિયા’... આવી રીતે?**

**ચીખલીના** છેવાડાના ઢોલુમ્બર ગામે ત્રણ વર્ષથી આંગણવાડી જ બની નથી

**તાલુકા** પંચાયતમાં વારંવારની રજૂઆતો પણ કામ પૂરું થતું જ નથી

**સરકારી** બાબુઓ શું આવી ઓરડીમાં કામ કરી શકશે ખરા?

ઘેજઃ તંત્રની ઘોર બેદરકારી વચ્ચે ચીખલી તાલુકાના છેવાડાના ઢોલુમ્બર ગામની આંગણવાડીના મકાનનું કામ ત્રણ વર્ષે પણ અધૂરું રહેવા પામ્યું છે. નાના ભૂલકાઓને ઈટનાં ભથ્થાના શ્રમિકો માટે બનાવેલા ઓરડીમાં બેસાડવામાં આવી રહ્યા છે. તાલુકાના ઢોલુમ્બર ગામના નિશાળ ફળિયા સ્થિત આંગણવાડીના મકાન જર્જરિત થતાં જૂન-૨૦૨૩ માં મનરેગા યોજના અંતર્ગત ખાતમુહૂર્ત કરી નવા મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. આજે ત્રણ વર્ષ પુરાં થવા આવ્યા હોવા છતાં કામ અધૂરું રહેતા સ્થાનિકોમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે. આ નિશાળ ફળિયાની આંગણવાડીનું બાંધકામ સમયસર પૂર્ણ થાય તે માટે ગામના આગેવાનો દ્વારા તાલુકા પંચાયતમાં અવારનવાર રજૂઆત કર્યા બાદ પણ છેલ્લા ઘણા સમયથી કામ બંધ હાલતમાં જ રહેતા હાલ પણ ફ્લોરિંગ અને બારી દરવાજાનું કામ બાકી હોવા સાથે કામ અધૂરી હાલતમાં છે.



ધર્મેશ પટેલ

નિશાળ ફળિયાની આંગણવાડીના ૧૮-જેટલા ભૂલકાઓને ગામના પરાગ ફળિયામાં એક બંધ પડેલા ઈટનાં ભઠ્ઠાના શ્રમિકો માટેની ઓરડીમાં બેસાડી કારકિર્દી ઘડતરનું શિક્ષણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ સ્થિતિમાં બાળકોને ગરમીમાં શેકાવા સાથે ખાસ કરીને ચોમાસા દરમ્યાન અનેક મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે.

### ગ્રાન્ટની સમસ્યાના કારણે કામ અધૂરુંઃ ટીડીઓ

ટીડીઓ ભાવનાબેન યાદવના જણાવ્યાનુસાર ગ્રાન્ટની સમસ્યાના કારણે કામ અધૂરું છે. હાલ કોઈ સ્થાનિક એજન્સી તૈયારી બતાવે તો કામ પૂરું કરું શકાય તેમ છે.

તંત્રના રેઢિયાળ કારભાર વચ્ચે ત્રણ ત્રણ વર્ષ વીતવા છતાં આંગણવાડીના મકાનનું બાંધકામ પૂર્ણ ન થતાં ગામના આગેવાન ઉત્તમભાઈ દ્વારા ફરિયાદ નિવારણમાં પણ ઘા નાંખવામાં આવી છે. ત્યારે તેમાં કામગીરી પૂર્ણ થશે કે પછી ગોળ ગોળ સરકારી જવાબ આપી જવાબદારીમાંથી હાથ ખંખેરવામાં આવશે તે જોવું રહ્યું.

# મૂવી એપ ડાઉનલોડ કરી ને રૂ.95 હજાર ઉપડી ગયા

**ફેસબુક** પર જાહેરાત જોઈ એપ ડાઉનલોડ કરી હતી, નવસારી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

નવસારીઃ નવસારી શહેરમાં સાયબર ક્રાઈમના વધતા બનાવો વચ્ચે વધુ એક છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. ફેસબુક પર આવેલી એક મૂવી એપ્લિકેશનની જાહેરાતને આધારે એપ ડાઉનલોડ કરતાં જ એક વ્યક્તિના ખાતામાંથી રૂ. 95 હજારની ઉઠાંતરી થઈ હતી.

ફરિયાદ મુજબ, છાપરા રોડ પર શિવ પેલેસમાં રહેતા અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર તરીકે કાર્યરત હિતેશકુમાર પટેલ (ઉં.વ.45) ગત 15 માર્ચના રોજ સોશિયલ મીડિયા પર બ્રાઉઝિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન ‘JJTV’ નામની મૂવી એપ્લિકેશનની જાહેરાત તેમની નજરે ચડી હતી. એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ અજાણ્યા સાયબર ઠગોએ તેમના મોબાઈલમાં ગેરકાયદે પ્રવેશ મેળવી લીધો હતો. આ પછી તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. 95 હજારની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે આ રકમ રાજસ્થાનના એક ખાતામાં તેમજ અન્ય IDBI બેંકના ખાતામાં જમા કરવામાં આવી હતી. આ બનાવ અંગે નવસારી રૂરલ પોલીસ મથકે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કેસની વધુ તપાસ પોલીસે છે.

# રસ્તા ગાયબ, ગટર ઉભરાય પણ સાહેબોના બંગલા માટે ઉતાવળ!

**નવસારીમાં** ખાડા-ગટર-પાણીના પ્રશ્નો વચ્ચે મેયર-કમિશનરના બંગલાને પ્રાથમિકતાથી પ્રજામાં અસંતોષ

**નવસારી** મનપા બન્યાને હજુ જૂજ વર્ષ થયા છે, વહીવટમાં સુરત જેવી સુવિધા નથી, પણ વૈભવમાં ઉતાવળ કેમ?

નવસારીઃ શહેરમાં વિકાસના દાવાઓ હવે જમીન પર તૂટી પડતા દેખાઈ રહ્યા છે. રસ્તાઓ ખાડાઓમાં ગાયબ થઈ રહ્યા છે, ગટરના પ્રશ્નો વકરી રહ્યા છે અને પીવાના પાણી માટે લોકો સંઘર્ષ કરી રહ્યા છે. પરંતુ આ વચ્ચે નગર યોજના નં. 3 હેઠળ કમિશનર અને મેયર માટે વૈભવી બંગલાઓ બનાવવાની પ્રક્રિયા ઝડપી ગતિએ આગળ વધતા નાગરિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. શહેરના અગ્રણી ભરતભાઈ શાહે તંત્રની પ્રાથમિકતાઓ પર તીખી ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા 5 વર્ષમાં વિકાસના નામે અંદાજે 100 કરોડ રૂપિયા ખર્ચાયા હોવા છતાં સામાન્ય નાગરિકને તેનો ફાયદો મળતો નથી. વિકાસ ક્યાં છે અને કોના માટે થયો છે તે આજે પણ સવાલ છે. તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં શરૂ કરાયેલા અનેક કામો હજુ અધૂરા છે અથવા બંધ હાલતમાં છે, જે તંત્રની કામગીરી પર પ્રશ્નો ઊભા કરે છે. “જ્યાં મહાનગરપાલિકાની કચેરી જ ખખડધજ હાલતમાં છે, ત્યાં તેને સુધારવાની જગ્યાએ બંગલાઓ માટે ઉતાવળ દેખાડવામાં આવી રહી છે,” તેમ તેમણે ઉમેર્યું. તેમણે સવાલ ઉઠાવ્યો કે, જ્યારે શહેરના નાગરિકોને મૂળભૂત સુવિધાઓ જ ઉપલબ્ધ નથી અને લોકો મુશ્કેલીઓમાં જીવી રહ્યા છે, ત્યારે શું વૈભવી પ્રોજેક્ટોને પ્રાથમિકતા આપવી યોગ્ય છે? સાથે જ તેમણે સુરત મહાનગરપાલિકાનું ઉદાહરણ આપતા જણાવ્યું કે ત્યાં વર્ષો સુધી મેયર અને કમિશનરના બંગલાઓ વગર પણ કામકાજ સફળતાપૂર્વક ચાલ્યું છે. નવસારીમાં મહાનગરપાલિકા બન્યા થોડો સમય જ થયો છે અને હાલના કમિશનરને કાર્યરત થયા એક વર્ષ જ થયું છે, ત્યારે આવા વૈભવી પ્રોજેક્ટોમાં ઉતાવળ અંગે સવાલો ઊઠી રહ્યા છે. આ મુદ્દે શહેરના અગ્રણી અને પારસી આગેવાન કેસરી દેબુએ કટાક્ષ સાથે જણાવ્યું હતું કે, આ એક ક્રુર મજાક છે. લોકોની સુવિધા માટેના પ્લોટ ઉપર કમિશનર સાહેબ માટે બંગલો બાંધવામાં આવશે, તેમાં શહેરનો વિકાસ અને સુશોભન ક્યાં હશે? શહેરમાં વધતી સમસ્યાઓ અને તંત્રની પ્રાથમિકતાઓ વચ્ચેનો અંતર હવે સ્પષ્ટ બની ગયો છે. નાગરિકોમાં અસંતોષ ઉગ્ર બની રહ્યો છે અને હવે સૌની નજર તંત્રના આગામી નિર્ણય પર છે.

## વાંસદામાં ST બસનું વ્હીલ મહિલા પરથી ફરી વળતા મોત

વાંસદાઃ વાંસદા પંથકમાં મેઈન બજાર ખાતે આવેલા ટાવરથી ગ્રામ પંચાયત તરફ જતાં રસ્તા ઉપર એસટી બસની અડફેટે અજાણ્યા રાહદારી મહિલાનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રથી પ્રાપ્ત માહિતી મુજબ એસ.ટી. બસ નંબર GJ 18 Z 7112નો ચાલક પિયુષભાઈ ધનજીભાઈ પટેલ (રહે., ઝરી આમરૂણ ફળિયું, તા.વાંસદા, જિ.નવસારી ) બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતી એક અજાણ્યા રાહદારી મહિલાને અડફેટમાં લઈ અકસ્માત સર્જ્યો હતો. જેમાં મહિલાને શરીરે ગંભીર ઈજા પહોંચાડી તથા કમરના ભાગેથી એસ.ટી. બસનું આગળનું વ્હીલ ફરી વળતા અજાણી મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનવા અંગે બીનાબેન પુરોહિત (રહે., વાંસદા)એ એસટી બસચાલક વિરુદ્ધ વાંસદા પોલીસમથકે ફરિયાદ આપતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# નવસારી શહેર કોંગ્રેસમાં બળવો, એકસાથે 47નાં રાજીનામાં

**પ્રમુખ** તરીકે દીપક બારોટની નિમણૂક બાદથી જ ઊઠેલા વિરોધમાં વંટોળ

**રજૂઆતો** બાદ પણ ઉકેલ નહીં આવતા રાજીનામાનો વિસ્ફોટ

નવસારીઃ નવસારી શહેર કોંગ્રેસમાં લાંબા સમયથી ધીમે ધીમે સળગતો અસંતોષ હવે ધડાકાભેર ફાટી નીકળ્યો છે. શહેર પ્રમુખ તરીકે દીપક બારોટની નિમણૂક બાદથી જ ઉઠેલા વિરોધને દબાવવાના પ્રયાસો થયા, પરંતુ અંતે 47 જેટલા માજી પદાધિકારીઓ, પૂર્વ પ્રમુખો અને સક્રિય કાર્યકરોએ એકસાથે રાજીનામા આપી નેતૃત્વ સામે ખુલ્લો બળવો જાહેર કરી દીધો છે. ઈ-મેલ મારફતે મોકલાયેલા આ રાજીનામાઓએ કોંગ્રેસના “બધું નિયંત્રણમાં છે” જેવા દાવાઓને ખોખલા સાબિત કરી દીધા છે.



કાર્યકરોનો આક્ષેપ છે કે પક્ષમાં વિચારધારા અને સમર્પણ કરતાં વ્યક્તિગત સ્વાર્થને વધુ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. નિમણૂક પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ, જૂથવાદ અને વિવાદાસ્પદ પસંદગીઓ સામે વારંવાર અવાજ ઉઠાવવામાં આવ્યો હતો, પરંતુ નેતૃત્વ દ્વારા માત્ર ઔપચારિક સાંભળણી થઈ અને કોઈ અસરકારક નિર્ણય લેવામાં આવ્યો નહીં. પરિણામે, કાર્યકરોમાં વિશ્વાસનો ભંગ થયો અને અંતે રાજીનામા આપવાનો કડક નિર્ણય લેવાયો.

આ વિદ્રોહ કોઈ એક દિવસની ઘટના નથી. નારાજ કાર્યકરો અગાઉ પ્રભારી અસલમ સાયકલવાલા અને વિધાનસભાના વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીને મળી પોતાની ફરિયાદો રજૂ કરી ચૂક્યા હતા, છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા હવે આ સ્થિતિ વિસ્ફોટક બની છે. “સ્લીપર સેલ” જેવા ગંભીર શબ્દો સુધી વાત પહોંચતા પક્ષની અંદર વિશ્વાસ અને એકતા પર ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આરે ઊભેલા કોંગ્રેસ માટે આ પરિસ્થિતિ એલાર્મ બેલ સમાન છે. એક તરફ સંગઠન મજબૂત કરવાની વાતો થઈ રહી છે, તો બીજી તરફ પોતાના જ કાર્યકરોનો વિશ્વાસ ગુમાવવાનો ખતરો ઊભો થયો છે. હાલ પ્રદેશ સ્તરે બેઠક બોલાવવાની ચર્ચાઓ ચાલી રહી છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું આ માત્ર ઔપચારિકતા રહેશે કે ખરેખર કોઈ પારદર્શક અને નિષ્પક્ષ નિર્ણય લેવામાં આવશે? આ આંતરિક તોફાન પક્ષ સુધી સીમિત નહીં રહે, ચૂંટણીમાં અસર કરી શકે છે.

## કૂવામાં ખાબકેલા શ્વાનનું રસ્ક્યુ



ધર્મેશ પટેલ



ચીખલીના વાણિયાવાડ સ્થિત આવેલા એક ખુલ્લા કૂવામાં શુક્રવારની સવારના સમયે બે શ્વાન ખાબક્યા હતા. કૂવો ઊંડો હોવાને કારણે શ્વાન જાતે બહાર નીકળી શકે તેમ ન હોય ત્યારે આસપાસના રહીશો ભેગા મળી કૂવામાં પડેલા બન્ને શ્વાનને બહાર કાઢવા રેસ્ક્યુ હાથ ધરી દોરડા અને સી.ડી લાવી સ્થાનિકો કૂવામાં ઉતર્યા હતા. અંદાજે ત્રણ કલાકની જહેમત અને મથામણ બાદ બંને શ્વાનને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી.

# નાણા મંત્રી દ્વારા વાપીની મિનિ સિવિલ હોસ્પિટલના નિર્માણ કાર્યનું નિરીક્ષણ

**હોસ્પિટલનું** ગુણવત્તાસભર કામ સત્વરે પૂર્ણ કરવા કનુભાઈએ સૂચન કર્યાં

વાપીઃ રાજ્યના નાણા શહેરી વિકાસ તેમજ પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દ્વારા વાપી મહાનગરપાલિકાના બલીઠા સ્થિત નિર્માણાધીન મિનિ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. વાપીમાં 45.30 કરોડના ખર્ચે આ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પટલ બની રહી છે. શુક્રવારે કનુભાઈએ જવાબદાર અધિકારીઓને હાજર રાખી મિની સિવિલ હોસ્પિટલના બાંધકામનું નિરીક્ષણ કર્યુ હતું.



કનુભાઈએ પ્રત્યક્ષ સ્થળ મુલાકાત લીધી તે દરમિયાન એજન્સીના જવાબદાર કોન્ટ્રાક્ટર, વહીવટીતંત્રના જવાબદાર અધિકારીઓને સાથે રાખી સિવિલ હોસ્પિટલના નિર્માણની કામગીરી યોગ્ય ગુણવત્તાસભર રીતે સત્વરે પૂર્ણ થાય અને સ્થાનિકોને વહેલી તકે લાભ મળી શકે તે બાબતે જરૂરી સલાહ સૂચન કરી ધ્યાન દોર્યું હતું. તેમની સાથે વીઆઈએના પ્રમુખ તેમજ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વાપી તાલુકા ભાજપ પ્રમુખ સમયભાઈ પટેલ, ભાજપ પ્રદેશ એસટી મોરચાના મહામંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી, વાપી મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરી, જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારી ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

# વિજલપોરમાં 10 મિલકત સીલ, 35ને નોટિસ



**સ્થળ** પર જ રૂ. 20.5 લાખ વસૂલાતા બાકીદારોમાં દોડધામ

નવસારીઃ વિજલપોર વિસ્તારમાં મહાનગરપાલિકાના વેરા વિભાગે બાકી વેરા સામે શરૂ કરાયેલ ઝુંબેશ હવે ‘એકશન મોડ’માં પ્રવેશી ગઈ છે. માત્ર 72 કલાકમાં જ તંત્રએ કડક કાર્યવાહીનો દોર શરૂ કર્યો છે. આ ઝુંબેશ અંતર્ગત 10 મિલકતોને સીલ કરવામાં આવી છે, જ્યારે 35 બાકીદારોને નોટિસો ફટકારવામાં આવી છે. વારંવાર ચેતવણીઓ છતાં વેરો ન ભરનારાઓ સામે હવે તંત્રે ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ અપનાવી છે. કાર્યવાહી દરમિયાન સીલિંગની પ્રક્રિયા શરૂ થતા જ કેટલાક મોટા કોમર્શિયલ તેમજ રહેણાંક મિલકતધારકોમાં હડકંપ મચી ગયો અને તેઓએ સ્થળ પર જ બાકી વેરો ભરવા દોડધામ કરી. પરિણામે, થોડા જ સમયમાં રૂ. 20.5 લાખની વસૂલાત નોંધાઈ, જે તંત્રના કડક અભિગમની અસરકારકતા દર્શાવે છે.

